RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. SMC/31, Dt.6/4/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) (વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૬/૨/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૨૧૩૨) થી તા.૫/૨/૧૩ ના પત્રના અનુસંધાનમાં આપના વિભાગ તરફથી થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જે અંગેની માહિતી અરજદારશ્રીને અત્રેનાં પત્ર નં. વી.આઈ.ડી./૩૨૧૯, તા.૧૫/૩/૧૩ થી કરવામાં આવેલ કામગીરી નકલો મેળવવા માટે નકલ ચાર્જના રૂા.૨/– સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ તા.૧૯/૩/૧૩ ના રોજ નકલ ચાર્જના રૂા.૨/– સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવતા અરજદારશ્રીને અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૩૩૦૧, તા.૨૧/૩/૧૩ થી માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.૩૧, તા.૬/૪/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૨૨૬, તા૧૮/૪/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે તા.૨૦/૪/૧૩ ના પત્રથી જણાવેલ છે કે, "પ્રથમ અપીલ થઈ ગઈ હોય એમાં રજુઆત પણ થઈ ગઈ હોય, વધુ રજુઆત આયોગમાં કરીશું" એમ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. અરજદારની અરજીના અનુસંધાનમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) (વીજીલન્સ વિભાગ) ધ્વારા " અરજદારશ્રીની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલચાર્જના રૂા.૨/– જમા કરાવવા તથા અરજીમાં જણાવેલ અન્ય વિગતેની માહિતીમાં ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાએ ૨૨૪ ડ્રાઈવરોની ગેરકાયદેસર નિમણુંક કરેલ, જે બાબતેની તપાસ અંગેની કાર્યવાહી પૂર્ણ કરી આગળની ઘટીત નિયમોનુંસારની કાર્યવાહી માટે સદર રીપોર્ટ મહેકમ વિભાગમાં તા.૩૦/૧૧/૧૨ ના રોજ અત્રેથી મોકલવામાં આવેલ છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૩૧૯૩૬, તા.૧૯/૩/૧૩ થી નકલચાર્જ રૂા.૨/– સેન્ટ્રલ ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતાં તા.૨૧/૩/૧૩ ના રોજના પત્ર નં. વી.આઈ.ડી./૩૩૦૧ થી અરજદારશ્રીને માંગેલ માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે જે યોગ્ય નથી. આમ ઉપરોકત વિગતે અરજદાર ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પુરી પાડતો પ્રત્યુત્તર નિયત સમયમર્યાદામાં પાઠવેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે તેની મૂળ અરજીમાં બાંધકામ અંગેની વિગત/માહિતી પણ અસ્પષ્ટ હોય, જેથી અરજીમાં બાંધકામ વાળી મિલ્કતના વોર્ડ નંબર, નોંધ નંબરની પણ સ્પષ્ટતા કરવી જોઈએ.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા.    —૫—૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. AP/56, Dt.12/4/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી અશરફ એ. અન્સારી

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૧/૩/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૨૩૧૧) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલ ચાર્જ રૂા.૧૦/– અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૭૭, તા.૫/૪/૧૩ થી સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ તા.૯/૪/૧૩ ના રોજ નકલ ચાર્જના રૂા.૧૦/– સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવતા અરજદારશ્રીને હાથોહાથ માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.એપી/૫૬, તા.૧૨/૪/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ, અધુરી અને અસંતોષજનક વિગતો/માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૨૨૫, તા૧૮/૪/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે આજદિન સુધી કોઈ લેખિતમાં પુરાવા/પૂર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. અરજદારની અરજીના અનુસંધાનમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ) ધ્વારા " અરજદારશ્રીની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલચાર્જના રૂા.૧૦/– જમા કરાવવા પત્ર નં. વીઆઈડી/૭૭, તા.૫/૪/૧૩ થી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૧૮૦૮૮૬, તા.૯/૪/૧૩ થી નકલચાર્જ રૂા.૧૦/– સેન્ટ્રલ ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતાં તા.૯/૪/૧૩ ના રોજ અરજદારશ્રીને રૂબરૂમાં હાથોહાથ માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે અને અપીલ અરજીમાં અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરી માંગણી કરેલ છે જે યોગ્ય નથી. અરજદારશ્રીએ નમુના–'ક' ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી/નકલ અંગે ઉકત જણાવેલ વિગતે

માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પુરી પાડતો પ્રત્યુત્તર નિયત સમયમર્યાદામાં પાઠવેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા.   —૫—૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. AP/79,Dt.17/04/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી રાજેશ જશવંતભાઈ પંડિત
**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રીએ તેમની તા.૮/૦૩/૧૩ ની મૂળ અરજી (આઈ.ડી.૨૩૦૨) ધ્વારા સુરત મહાનગરપાલિકાના કર્મચારી નં.૩૬૧૬૮ એ તેમની ફરજમાં બેદરકારી દાખવતાં તેમની સામે થયેલ રીપોર્ટમાં જણાવેલ મુદ્દા નં. ૭ ના સવાલ સંદર્ભમાં અરજીમાં જણાવેલ વિગતો/માહિતીની નકલની માંગણી કરેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા પત્ર નં. વી.આઈ.ડી./૩૩૩૫, તા.૨૬/૩/૧૩ થી અરજદારની અગાઉની આઈ.ડી.નં. ૧૯૧૪, તા.૧૭/૧/૧૩ ની આર.ટી.આઈ. હેઠળની અરજીના અનુસંધાને વીજીલન્સ વિભાગ ધ્વારા પૂરા પાડવામાં તપાસ રીપોર્ટના મુદ્દા નં. ૭ સંદર્ભે વીજીલન્સ વિભાગ ધ્વારા કરવામાં આવેલ તપાસની પ્રક્રિયા સામે પ્રશ્નો ઉપસ્થિત કરતી રજુઆતો અરજીના મુદ્દા નં. ૧ થી ૭ થી કરેલ છે. જે અરજીના અનુસંધાનમાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ સંદર્ભે અરજદારની અગાઉની ઉકત અરજીથી કર્મ. નં. ૩૬૧૬૮ વિરૂધ્ધની તા.૫/૯/૧૨ ના રોજની અરજી બાબતે વીજીલન્સ ખાતાના તપાસ અહેવાલની નકલ અરજદાર ધ્વારા નકલ ફી રૂા.૧૦/– ભરવામાં આવતાં પૂરી પાડવામાં આવેલ છે તે બાબતનો જવાબ આપવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ, ઉપરોકત વિગતે તા.૧૭/૪/૧૩ ના રોજ અપીલ કરેલ છે. જે અન્વયે તેઓશ્રી ધ્વારા "મને કોઈ જ માહિતી આપવામાં આવેલ નથી તેમજ અપીલ અરજીના મુદ્દા નં. ૭ માં જણાવ્યા મુજબ આપેલ માહિતી સાચી નથી" મુજબની રજુઆત કરેલ છે. જેનાં અનુસંધાનમાં અત્રેનાં પત્ર નં. વીઆઈડી/૪૩૩, તા.૪/૫/૧૩ થી અરજદારશ્રીને તથા પત્ર નં. વીઆઈડી/૪૫૦, તા.૬/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારીને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે આજદિન સુધી કોઈ લેખિતમાં પુરાવા/પૂર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે અનુસંધાને જણાવવાનું કે, અરજદાર ધ્વારા ઉકત અરજીથી તેઓની આરટીઆઈ એકટ હેઠળની અગાઉની અરજી સંદર્ભે પૂરો પાડવામાં આવેલ વીજીલન્સ વિભાગના તપાસ રીપોર્ટના મુદ્દા નં. ૭ અન્વયે કરવામાં આવેલ તપાસની પ્રક્રિયા સામે પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવેલ છે. જે બાબત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને કલમ–૨(જે) ના વ્યાપની બહાર હોવા બાબતની માહિતી આપવામાં આવી

છે. તે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત વિગતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતે અરજીની તારીખે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની અરજીમાં જણાવ્યાનુસાર કોઈ જ માહિતી પૂરી નહિ પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**–: હુકમ :–**

અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પૂરી પાડેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. વી.આઈ.ડી./
તા. –૫–૨૦૧૩

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. AP/156, Dt.30/4/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી મોહમદશા બદલારશા

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૨/૩/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૧૧૨૭) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજીમાં જણાવેલ મુદ્દા નં. ૨ (આંશીક) અને ૩ અન્ય સત્તાના અધિકારીક્ષેત્રમાં આવતાં હોવીથી અત્રેના પત્ર નં. વીઆઈડી/૩૧૨૭, તા.૭/૩/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (લીંબાયતઝોન) ને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. " અરજદારની તા.૨/૩/૧૩ ના રોજની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે અત્રેના ખાતા ધ્વારા કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલ ચાર્જના રૂા.૨/– જમા કરાવવા અત્રેના પત્ર નં. વીઆઈડી/૩૩૬૯, તા.૩૦/૩/૧૩ થી અરજદારશ્રીને જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૧૮૮૩૫૨, તા.૧૬/૪/૧૩ થી નકલ ચાર્જ રૂા.૨/– સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતા અરજદારશ્રીને પત્ર નં. વી.આઈ.ડી./૨૧૬, તા. ૧૭/૪/૧૩ થી માંગેલ માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.એપી/૧૫૬, તા.૩૦/૪/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ, અધુરી અને અસંતોષજનક વિગતો/માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૬૮૩, તા૨૩/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે આજદિન સુધી કોઈ લેખિતમાં પુરાવા/પૂર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે અરજદારની અરજીના અનુસંધાનમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ) ધ્વારા " અરજદારશ્રીની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલચાર્જના રૂા.૨/– જમા કરાવવા પત્ર નં. વીઆઈડી/૩૩૬૯, તા.૩૦/૩/૧૩ થી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૧૮૮૩૫૨, તા.૧૬/૪/૧૩ થી નકલ ચાર્જ રૂા.૨/– સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતા અરજદારશ્રીને પત્ર નં. વી.આઈ.ડી./૨૧૬, તા. ૧૭/૪/૧૩ થી માંગેલ માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ. પરંતુ સદર માહિતી આજ વિસ્તારનાં એજ મહોલ્લામાં આવેલ મિલ્કતના બાંધકામ અંગેની હોય, જે શરતચુકથી માહિતી

પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની મુળ તા.૨૯/૧૨/૧૨ ની અરજી અન્વયે અત્રેથી તા.૮/૫/૧૩ ના રોજ લીંબાયત ઝોનને આ બાંધકામ અંગે કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે. જે માહિતી અરજદારને પુરી પાડવાની રહેશે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે. અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા શરતચૂકથી અધુરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય, આરટીઆઈ એકટ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પુરી પાડવા જોગ છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૩૦/૪/૧૨ ની પ્રથમ અપીલ અરજીની માંગણી મુજબ વીજીલન્સ ખાતા ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની માહિતીની નકલો આરટીઆઈ એકટ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પુરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા. –૬–૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. AP/189, Dt.7/5/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી ભુપેન્દ્ર સી. પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૮/૪/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૫૬) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૩૩૫, તા.૨૬/૪/૧૩ થી આરટીઆઈ એકટ કલમ–૧ મુજબ આપે માંગેલ માહિતી સંદર્ભે સંબંધિત પક્ષકાર ધ્વારા માહિતી આપવા અંગે સંમંતિ દર્શાવેલ ન હોય, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી, તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.એપી/૧૮૯, તા.૭/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ ધ્વારા આપવામાં આવેલ માહિતીથી નારાજ અને અસંતુષ્ટ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૬૯૩, તા.૨૪/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે તા.૨૯/૫/૧૩ ના પત્રથી પૂર્તતા કરેલ. "અગાઉ મારી અપીલ અરજી અને ફરીયાદ સાથે પુરાવા રજુ કરેલ છે, જે માન્ય કરી અપીલ બાબતે મને યોગ્ય માહિતી પૂરી પાડવા વિનંતી કરેલ." જયારે જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે અરજદાર શ્રી ભુપેન્દ્ર સી. પટેલ, સુરત તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૮/૪/૧૩, આઈડી નં. ૫૬ ની અરજી અત્રેના વિભાગને મળેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ બાબતે અરજદારશ્રીને અત્રેનાં પત્ર નં. વીઆઈડી/૩૩૫, તા.૨૬/૪/૧૩ થી "આરટીઆઈ એકટ કલમ–૧૧(૧) મુજબ આપે માંગેલ માહિતી સંદર્ભે સંબંધિત પક્ષકાર ધ્વારા માહિતી આપવા અંગે સંમંતિ દર્શાવેલ ન હોય, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી." એ મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટ કલમ–૧૧(૧) મુજબ આપે માંગેલ માહિતી સંદર્ભે સંબંધિત પક્ષકાર ધ્વારા માહિતી આપવા અંગે સંમંતિ દર્શાવેલ ન હોય, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાને લેવાં વિનંતી છે. વધુમાં અરજદારશ્રીની અલગથી કરેલ ફરીયાદ બાબતે અત્રેથી તપાસની કાર્યવાહીમાં કોઈ નિર્ણય થયેલ નથી. જે નિર્ણય થયેથી માહિતી પૂરી પાડવામાં આવશે. વધુમાં અપીલ તબકકે આપશ્રીની રજુઆતમાં બી.પી.એમ.સી. એકટની કલમ–૧૮૨ અન્વયે માંગેલ માહિતી સુસંગત નથી.

—: હુકમ :—

અરજદારની તા.૭/૫/૧૩ ની પ્રથમ અપીલ અરજીની માંગણી મુજબ આરટીઆઈ એકટ કલમ–૧૧(૧) મુજબ આપે માંગેલ માહિતી સંદર્ભે સંબંધિત પક્ષકાર ધ્વારા માહિતી આપવા અંગે સંમંતિ દર્શાવેલ ન હોય, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી. આપશ્રી ધ્વારા અલગથી કરેલ ફરીયાદ બાબતે અત્રેની તપાસની કાર્યવાહીમાં કોઈ નિર્ણય થયેલ નથી. તે અંગેનો નિર્ણય થયેથી માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.) ને જણાવવામાં આવે છે.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા. – –૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. **AP/201,**
**Dt.8/5/13**
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી અશરફ એ. અન્સારી

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૬/૪/૧૩ ના રોજ (આઈ.ડી.નં. ૧૪૨) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલ ચાર્જ રૂા.૧૬/– અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૪૪૮, તા.૪/૫/૧૩ થી સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ તા.૮/૫/૧૩ ના રોજ નકલ ચાર્જના રૂા.૧૬/– સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવતા અરજદારશ્રીને રૂબરૂમાં માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.એપી/૨૦૧, તા.૮/૫/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ, અધુરી અને અસંતોષજનક વિગતો/માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૬૯૧, તા.૨૪/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે આજદિન સુધી કોઈ લેખિતમાં પુરાવા/પૂર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. અરજદારની અરજીના અનુસંધાનમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વીજીલન્સ વિભાગ) ધ્વારા " અરજદારશ્રીની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલચાર્જના રૂા.૧૬/– જમા કરાવવા પત્ર નં. વીઆઈડી/૪૪૮, તા.૪/૫/૧૩ થી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૧૮૦૯૪૬, તા.૮/૫/૧૩ થી નકલચાર્જ રૂા.૧૬/– સેન્ટ્રલ ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતાં તા.૮/૫/૧૩ ના રોજ અરજદારશ્રીને રૂબરૂમાં માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા મુખ્યત્વે અરજીમાં જણાવેલ નંબરના પ્લોટો ઉપરના ગેરકાયદેસર બાંધકામ અંગેની ફરિયાદ સંદર્ભે લાગત ઝોન પાસે માહિતી માંગવામાં આવેલ છે તેમજ અરજદાર ધ્વારા તપાસની પ્રક્રિયા સંદર્ભે ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નો બાબતે જણાવવાનું કે આર.ટી.આઈ.એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી

પુરી પાડવાની જોગવાઈ અન્વયે તપાસની પ્રક્રિયા સંદર્ભના મુદ્દાની માહિતી વ્યાપની બહાર છે. અરજદારને અરજીની તારીખે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા અરજદારની અરજીમાં જણાવ્યાનુંસાર અધુરી, ભ્રામક અને ગેરમાર્ગે દોરી મુર્ખા બનાવવાવાળા જેવાં શબ્દ પ્રયોગ ધ્વારા જાહેર માહિતી અધિકારી પર દબાણ લાવવાનો પ્રયાસ એક રીતે ખોટો છે. અરજદારને સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તે સ્પષ્ટ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે અને અપીલ અરજીમાં અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરી માંગણી કરેલ છે જે યોગ્ય નથી. અરજદારશ્રીએ નમુના–'ક' ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી/નકલ અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પુરી પાડતો પ્રત્યુત્તર નિયત સમયમર્યાદામાં પાઠવેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા.    –૭–૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. 123, Dt.24/6/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી અશરફ એ. અન્સારી

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(વીજીલન્સ વિભાગ) તથા જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેર(ટેક.)

અરજદારશ્રી એ તા.૨૯/૫/૧૩ ના રોજ (આઈ.ડી.નં. ૪૭૮) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના (ટેક.) ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલ ચાર્જ રૂા.૧૪/– અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૦૩૨/૧, તા.૨૭/૬/૧૩ થી સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ તા.૨૩/૭/૧૩ ના રોજ નકલ ચાર્જના રૂા.૧૪/– સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવતા અરજદારશ્રીને રૂબરૂમાં માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ છે. તથા અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૦૩૨, તા.૨૭/૬/૧૩ થી અરજદારને વીજીલન્સ વિભાગના રેવન્યુ વિભાગની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.૧૨૩, તા.૨૪/૬/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ, અધુરી અને અસંતોષજનક વિગતો/માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૦૭૨, તા.૨/૭/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે તા.૨૨/૭/૧૩ ના રોજ પૂર્તતા રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં અરજદારે નમુના–ક અરજીથી માંગેલ માહિતી ઉપરાંત નવા મુદ્દાઓ ઉમેરી વિપુલ પ્રમાણમાં આ ખાતા બહારની માહિતી માંગેલ હોવાનું જણાયેલ છે. અપીલના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનોપૂર્તતા રીપોર્ટ કરી જણાવેલ કે, આપશ્રીની તા.૨૫/૭/૧૧ ના રોજ વીજીલન્સ વિભાગમાં કરેલ ફરિયાદ બાબતે અત્રેથી તા.૨૭/૭/૧૧, તા.૨૨/૧૨/૧૧, તા.૨૬/૧૨/૧૧, તા.૧૯/૭/૧૨, તા.૧૫/૬/૧૩ થી સાઉથ ઝોનમાં કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. જે કાર્યવાહીની માહિતીની નકલો પાના નંગ–૬ તા.૨૭/૬/૧૩ ના રોજ રૂબરૂમાં આપવામાં આવેલ છે. તેમ છતાં થયેલ કાર્યવાહીની માહિતીની નકલો મેળવવા ઈચ્છુક હોવ તો માહિતીની નકલો પાના નંગ –૭ ના નકલ ચાર્જના રૂા. ૧૪/– સુરત

મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવ્યેથી મળી શકશે. એ મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તા.૨૩/૭/૧૩ ના રોજ રૂા.૧૪/– સુરત મહાનગરપાલિકાના સીટી સિવીક સેન્ટર ખાતે જમા કરાવતાં અરજદારને રૂબરૂમાં નકલ આપવામાં આવેલ છે. અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અને અપીલ અરજીમાં અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરી માંગણી કરેલ છે. જે યોગ્ય નથી. અરજદારશ્રીએ નમુના 'ક' અરજી ધ્વારા માંગેલ માહિતી/નકલ અંગે ઉકત જણાવેલ વિગતે પૂરી પાડવામાં આવેલ હોય, તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય એમ જણાવેલ છે.

જાહેર માહિતી અને સેકશન ઓફીસર, રેવન્યુ વિભાગે તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આર.ટી.આઈ.એકટ હેઠળ તા.૨૯/૫/૧૩, આઈ.ડી. નં.૪૭૮ અત્રેના વિભાગને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી(સેન્ટ્રલ ઝોન) તરફથી નમુનો–'ઘ' (નિયમ–૪(૨)) મુજબ તબદીલ કરવામાં આવેલ, સદર અરજીના અત્રેના રેવન્યુ વિભાગને લાગત મુદ્દા નં. ૭, ૭(બી)(૧)(૨)(૩), ૭(સી), ૮(એ) ની માહિતી માંગેલ હતી. ઉકત મુદ્દાઓથી અરજદારશ્રી ધ્વારા વીજીલન્સ વિભાગની ટીમ ધ્વારા તા.૯/૮/૧૧ તેમજ તા.૧૫/૫/૧૩ ના રોજ પ્રશ્નવાળી સોસાયટીની લેવામાં આવેલી મુલાકાત સંદર્ભેની કાર્યવાહીની વિગતો માંગવામાં આવેલી. જેનાં અનુસંધાનમાં અત્રેથી જણાવવામાં આવેલ છે કે, વીજીલન્સ વિભાગની તા.૯/૮/૧૧ ની મુલાકાત દરમ્યાન ફકત આકારણી અને વેરાલક્ષી બાબતોની તપાસ કરવામાં આવેલ છે, જે બાબતના તપાસ રીપોર્ટની નકલ અરજદારને નિયત ફી ભર્યેથી અગાઉ પુરી પાડવામાં આવેલ છે. તેમજ અત્રેના સ્ટાફ ધ્વારા તા.૧૫/૫/૧૩ ના રોજ લેવામાં આવેલ સોસાયટીની મુલકાત દરમ્યાન આકારણી તેમજ વેરાલક્ષી તપાસના હેતુ માટે સ્થળ તપાસ કરી પ્રશ્નવાળા પ્લોટોની સ્થળ પર માપણી કરવામાં આવેલ હતી. જેના અનુસધાને હાલના તબકકે કાર્યવાહી ચાલુ હોવાથી તપાસની કાર્યવાહી પૂર્ણ થયેથી નિયત ફી ભર્યેથી અરજદાર તપાસ રીપોર્ટની નકલ મેળવી શકશે.

આમ, ઉપરોકત વિગતે અરજીની તારીખે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા અરજદારની અરજીમાં જણાવ્યાનુંસાર અરજીના મુદ્દા નં. ૩–(એ) સિવાય અન્ય કોઈપણ મુદ્દાઓ અંગે કોઈપણ જાતની માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને ઉપરોકત વિગતે અરજદાર ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય, તેમજ તેમાં જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય એમ જણાવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે અને અપીલ અરજીમાં અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરી માંગણી કરેલ છે જે યોગ્ય નથી. અરજદારશ્રીએ નમુના–'ક' ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી/નકલ અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી તા.૨૭/૬/૧૩ ના રોજ પૂરી પાડેલ છે તેમજ જાહેર માહિતી અને જુ.ઈજનેર(ટેક.) ધ્વારા તા.૨૩/૭/૧૩ ના રોજ અરજદારે જરૂરી ફી જમા કર્યેથી આ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા.   -૮-૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. **124, Dt.24/6/13**
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી અશરફ એ. અન્સારી

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(વીજીલન્સ વિભાગ) તથા જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેર(ટેક.)

અરજદારશ્રી એ તા.૨૨/૫/૧૩ ના રોજ (આઈ.ડી.નં. ૪૩૦) થી અરજીમાં જણાવ્યા મુજબની થયેલ કાર્યવાહી કર્યા અંગેની નકલો સહિતની વિગતવાર માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના (ટેક.) ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલ ચાર્જ રૂા.૧૨/– અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૯૬૩, તા.૨૦/૬/૧૩ થી સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ તા.૨૭/૬/૧૩ ના રોજ નકલ ચાર્જના રૂા.૧૨/– સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવતા અરજદારશ્રીને રૂબરૂમાં માહિતી/નકલ પુરી પાડવામાં આવેલ છે. તથા અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૯૬૪, તા.૨૦/૬/૧૩ થી અરજદારને વીજીલન્સ વિભાગના રેવન્યુ વિભાગની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.૧૨૪, તા.૨૪/૬/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગે અસ્પષ્ટ, અધુરી અને અસંતોષજનક વિગતો/માહિતી આપેલ હોય" પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૦૭૧, તા.૨/૭/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ તથા જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદારે તા.૨૨/૭/૧૩ ના રોજ પૂર્તતા રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં અરજદારે નમુના–ક અરજીથી માંગેલ માહિતી ઉપરાંત નવા મુદ્દાઓ ઉમેરી વિપુલ પ્રમાણમાં આ ખાતા બહારની માહિતી માંગેલ હોવાનું જણાયેલ છે. અપીલના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર(ટેક.), વીજીલન્સ વિભાગ તરફથી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે અરજદારની અરજીના અનુસંધાનમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ(ટેક.)ને લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેર (ટેક.) ધ્વારા " અરજદારશ્રીની અરજીમાં જણાવેલ મુદ્દા અન્વયે કરવામાં આવેલ કામગીરીની નકલો મેળવવા માટે નકલચાર્જના રૂા.૧૨/– જમા કરાવવા પત્ર નં. વીઆઈડી/૯૬૩, તા.૨૦/૬/૧૩ થી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા રસીદ નં.૧૯૧૧૮૯, તા.૨૭/૬/૧૩ થી નકલચાર્જ રૂા.૧૨/– સેન્ટ્રલ ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવતાં તા.૨૭/૬/૧૩ ના રોજ અરજદારશ્રીને રૂબરૂમાં માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય એમ જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે (રેવન્યુ વિભાગ) તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (રેવન્યુ વિભાગ) ના પત્ર નં. વીઆઈડી/૯૬૪, તા.૨૦/૬/૧૩ થી અરજદારને લાગત મુદ્દા અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ છે. માંગેલ માહિતી અંગે વીજીલન્સ વિભાગની ટીમ ધ્વારા તા.૯/૮/૧૧ તેમજ તા.૧૫/૫/૧૩ ના રોજ પ્રશ્નવાળી સોસાયટીની લેવામાં આવેલી મુલાકાત સંદર્ભેની કાર્યવાહીની વિગતો માંગવામાં આવેલી. જેનાં અનુસંધાનમાં અત્રેથી જણાવવામાં આવેલ છે કે, વીજીલન્સ વિભાગની તા.૯/૮/૧૧ ની મુલાકાત દરમ્યાન ફકત આકારણી અને વેરાલક્ષી બાબતોની તપાસ કરવામાં આવેલ છે, જે બાબતના તપાસ રીપોર્ટની નકલ અરજદારને નિયત ફી ભર્યેથી અગાઉ પુરી પાડવામાં આવેલ છે. તેમજ અત્રેના સ્ટાફ ધ્વારા તા.૧૫/૫/૧૩ ના રોજ લેવામાં આવેલ સોસાયટીની મુલકાત દરમ્યાન આકારણી તેમજ વેરાલક્ષી તપાસના હેતુ માટે સ્થળ તપાસ કરી પ્રશ્નવાળા પ્લોટોની સ્થળ પર માપણી કરવામાં આવેલ હતી. જેના અનુસધાને હાલના તબકકે કાર્યવાહી ચાલુ હોવાથી તપાસની કાર્યવાહી પૂર્ણ થયેથી નિયત ફી ભર્યેથી અરજદાર તપાસ રીપોર્ટની નકલ મેળવી શકશે.

આમ, ઉપરોકત વિગતે અરજીની તારીખે દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા અરજદારની અરજીમાં જણાવ્યાનુંસાર અરજીના મુદ્દા નં. ૩–(એ) સિવાય અન્ય કોઈપણ મુદ્દાઓ અંગે કોઈપણ જાતની માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદાર ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય, તેમજ તેમાં જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉપરોકત વિગતે અપીલ કરેલ છે અને અપીલ અરજીમાં અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરી માંગણી કરેલ છે જે યોગ્ય નથી. અરજદારશ્રીએ નમુના–'ક' ધ્વારા અરજીથી માંગવામાં આવેલ માહિતી/નકલ અંગે ઉકત જણાવેલ વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી તા.૨૦/૬/૧૩ ના રોજ પૂરી પાડેલ છે તેમજ જાહેર માહિતી અને જુ.ઈજનેર(ટેક.) ધ્વારા તા.૨૭/૬/૧૩ ના રોજ અરજદારે જરૂરી ફી જમા કર્યેથી આ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૮–૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. AP/538, Dt.22/7/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી રજનીકાંત છબીલદાસ પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૨/૬/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૬૦૪) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૧૧૬૯/૧, તા.૯/૭/૧૩ થી નીચે મુજબની માહિતી/જવાબ અરજદારશ્રીને આપવામાં આવેલ છે. " અત્રેના ખાતાના લાગત મુદ્દા અંગે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા આ બાબતે અરજી મળેલ ન હોય તે સંદર્ભે કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાયેલ નથી." એ મુજબનો પત્ર પાઠવવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. એપી/૫૩૮, તા.૨૨/૭/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતીનો કોઈ જવાબ તપાસ કરી આપેલ નથી, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૩૮૪, તા.૨/૮/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૨૬/૮/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં અરજદારે નમુના–ક અરજીથી અત્રેના ખાતાના લાગત મુદ્દા નં. ૧૪ થી માંગેલ માહિતી સાથે સુસંગત ન હોય તેવા પુરાવાઓ રજુ કર્યા છે. અરજદારે રજુ કરેલ પુરાવાઓ અન્ય ખાતા/ઝોનને સ્પર્શતા હોય એમ લાગે છે. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૮/૮/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે આરટીઆઈ એકટ હેઠળ તા.૧૨/૬/૧૩, આઈડી નં. ૬૦૪ ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલઝોન) તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે અત્રેના ખાતાના લાગત મુદ્દાઓની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૧૧૬૯/૧, તા.૯/૭/૧૩ થી નીચે મુજબની માહિતી/જવાબ અરજદારશ્રીને આપવામાં આવેલ છે. " અત્રેના ખાતાના લાગત મુદ્દા અંગે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા આ બાબતે અરજી મળેલ ન હોય તે સંદર્ભે કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાયેલ નથી." એ મુજબનો પત્ર પાઠવવામાં આવેલ છે.

અપીલ તબકકે અરજદાર તરફથી સદર મિલ્કત બાબતે તપાસ કરવા અલાયદી અરજી કરેલ છે. જે અંગેની તપાસની કાર્યવાહી ચાલુ છે. કાર્યવાહી પૂર્ણ થયા બાદ અરજદાર ધ્વારા નમૂના–ક અરજીથી માંગણી કર્યેથી ઉપલબ્ધ માહિતી આપવામાં આવશે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અને અપીલ અરજીમાં માંગેલી માહિતીનો કોઈ જવાબ તપાસ કરી આપેલ નથી, એમ જણાવેલ છે જે અંગે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. જેથી અરજદારશ્રીએ નમુના 'ક' અરજી ધ્વારા માંગેલ માહિતી ઉકત જણાવેલ વિગતે પૂરી પાડવામાં આવેલ હોય, તેમજ જણાવેલ વિગતે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, જે સમગ્ર હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પુરી પાડતો પ્રત્યુત્તર નિયત સમયમર્યાદામાં પાઠવેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ નં.૧૫૨૬, તા.૧૬/૮/૧૩ થી અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ અપીલ અરજી અને અત્રેના ખાતાને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી એકસરખી હોય, સેન્ટ્રલ ઝોનમાંથી તબદીલ થઈ આવેલ અપીલ અરજી અંગે અત્રેના ખાતા ધ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે જાણશો જી.

અપીલ તબકકે અરજદાર તરફથી સદર મિલ્કત બાબતે તપાસ કરવા અલાયદી અરજી કરેલ છે. જે અંગેની તપાસની કાર્યવાહી ચાલુ છે. કાર્યવાહી પૂર્ણ થયા બાદ અરજદાર ધ્વારા નમૂના–ક અરજીથી માંગણી કર્યેથી ઉપલબ્ધ માહિતી આપવામાં આવશે.

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૯–૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. 176, Dt.6/8/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી બાલચંદ મુળચંદ શાહ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૩૦/૫/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૪૮૩) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૧૦૧૮, તા.૨૬/૬/૧૩ થી થયેલ કાર્યવાહીની નકલ અરજદારશ્રીને રૂબરૂમાં તા.૮/૭/૧૩ ના રોજ આપવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. ૧૭૬, તા.૬/૮/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતી પૂરતી તપાસ કર્યા વિના માહિતી આપેલ હોય, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૫૫૫, તા.૨૨/૮/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૨/૯/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૧૮/૧૦/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૫/૧૩, આઈડી નં. ૪૭૩ (સેન્ટ્રલ ઝોન) ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલઝોન) તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે અત્રેના ખાતાના લાગત મુદ્દાઓની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારશ્રીને તા.૮/૭/૧૩ ના રોજ આપવામાં આવેલ છે.

અપીલ તબકકે અરજદાર તરફથી સદર મિલ્કત બાબતે તપાસ કરવા અલાયદી અરજી કરેલ છે. જે અંગેની તપાસની કાર્યવાહી ચાલુ છે. કાર્યવાહી પૂર્ણ થયા બાદ અરજદાર ધ્વારા નિયમ મુજબની જરૂરી ફી જમા કર્યેથી માહિતી આપવામાં આવશે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અને અપીલ અરજીમાં માંગેલી માહિતી પૂરતી તપાસ કર્યા વિના આપેલ હોય, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી રૂબરૂમાં નિયત સમયમર્યાદામાં પૂરી પાડેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ તબકકે અરજદાર તરફથી સદર મિલ્કત બાબતે તપાસ કરવા અલાયદી અરજી કરેલ છે. જે અંગેની તપાસની કાર્યવાહી ચાલુ છે. કાર્યવાહી પૂર્ણ થયા બાદ અરજદારને નિયમ મુજબની જરૂરી ફી વસુલ લઈ માહિતી પૂરી પાડવી.

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૧૦–૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. 228, Dt.10/9/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી સુરેશભાઈ એમ. પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૮/૬/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૬૧૭) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૧૩૬૧, તા.૩૦/૭/૧૩ થી થયેલ કાર્યવાહીની નકલ અરજદારશ્રીને રૂબરૂમાં તા.૩૧/૮/૧૩ ના રોજ આપવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. ૨૨૮, તા.૧૦/૯/૧૩ થી ''જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતી અધૂરી તેમજ ગેરમાર્ગે દોરાવનાર હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૮૨૨, તા.૧૯/૯/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૨૪/૯/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ કે, ટેકનીકલ સ્ટાફ પાસે શું તપાસ કરાવી ? અને તે રીપોર્ટના આધારે ગેરકાયદેસર બાંધકામ બાબતે કેટલી મિલ્કતો તોડવા માટેના હુકમ કરવામાં આવ્યાં ? અને તે હુકમનું પાલન થયેલ છે કે કેમ ? તે બાબતે માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૨૩/૧૦/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે આરટીઆઈ એકટ હેઠળ તા.૧૮/૬/૧૩, આઈડી નં. ૬૧૭ (સેન્ટ્રલ ઝોન) ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ વિગતેની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી / થયેલ કાર્યવાહીના નકલ ચાર્જના રૂા.૫૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તે મુજબનો પત્ર નં. વીઆઈડી/૧૧૬૨, તા.૯/૭/૧૩ થી સમય મર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા તા.૧૫/૭/૧૩ ના રોજ સુરત મહાનગરપાલિકાના સીટી સિવીક સેન્ટર ખાતે રૂા.૫૨/– જમા કરાવતાં તા.૩૧/૮/૧૩ ના રોજ અરજદારને હાથોહાથ આંશીક માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૩૬૧, તા.૩૦/૭/૧૩ મુજબ આરટીઆઈ એકટ કલમ–૮(૧) ની જોગવાઈ મુજબ આપી શકાશે નહી. તે સિવાયની માંગેલ માહિતીઓ અરજદારને પૂરી પાડેલ છે. બાંધકામોની તપાસ કરી મે.કમિશ્નરશ્રીમાં રીપોર્ટ સાદર કરવામાં આવેલ. જે કાર્યવાહી ચાલુ હોવાથી આંશીક માહિતી પૂરી પાડવામાં આવેલ ન હતી. પરંતુ હાલ સદર કાર્યવાહી પૂર્ણ થયેલ હોય, બાકી રહેલ માહિતી પૂરી પાડવા જોગ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ આ પૂર્તતા અહેવાલ અપીલના અનુસંધાને ધ્યાને લેવાં વિનંતી છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અને અપીલ અરજીમાં માંગેલી માહિતી પૂરતી તપાસ કર્યા વિના આપેલ હોય, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી રૂબરૂમાં નિયત સમયમર્યાદામાં પૂરી પાડેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૩૬૧, તા.૩૦/૭/૧૩ મુજબ આરટીઆઈ એકટ કલમ–૮(૧) ની જોગવાઈ મુજબ આંશીક માહિતી પૂરી પાડવામાં આવેલ ન હતી. પરંતુ હાલ સદર કાર્યવાહી પૂર્ણ થયેલ હોય, બાકી રહેલ માહિતી અરજદારને પૂરી પાડવી.

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૧૦–૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. 223, Dt.3/9/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી સંતોષ પ્રફુલ્લભાઈ પાણીગ્રાહી

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૯/૭/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૨૩૨) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના પત્ર નં. વીઆઈડી/૧૩૮૩, તા.૧૩/૮/૧૩ થી થયેલ કાર્યવાહીનો નકલ ચાર્જ રૂા.૨/– સીટી સીવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબની જાણ કરવામાં આવેલ.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. ૨૨૩, તા.૩/૯/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતી પૂરી પાડેલ નથી, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૧૭૫૨, તા.૧૧/૯/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા આજદિન સુધી કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૨૩/૧૦/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. પૂર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે આરટીઆઈ એકટ હેઠળ તા.૯/૭/૧૩, આઈડી નં. ૨૩૨ (મધ્યસ્થ કચેરી) ની અરજી અત્રેના વિભાગને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે અત્રેના ખાતાના લાગત મુદ્દાઓની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી / થયેલ કાર્યવાહીના નકલ ચાર્જ રૂા.૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તે મુજબનો પત્ર નં. વીઆઈડી/૧૩૮૩, તા.૧/૮/૧૩ થી સમય મર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે તેમજ અરજદારને ફોનથી જાણ કરી સદર માહિતી મેળવવા માટેના પત્રની નકલ તા.૩૦/૮/૧૩ ના રોજ રૂબરૂમાં આપવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અને અપીલ અરજીમાં માંગેલી માહિતી પૂરી પાડેલ નથી, એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે યોગ્ય નથી. પત્ર મળ્યા બાદ પણ અરજદારે નકલ ચાર્જ માટેના રૂા.૨/– સુરત મહાનગરપાલિકામાં જમા કરાવેલ ન હોય, માહિતી પુરી પાડવામાં આવેલ નથી એમ જણાય છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

**અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી મેળવવા નિયત સમયમર્યાદામાં પત્ર પાઠવેલ હોય તેમજ રૂબરૂમાં પત્રની નકલ પૂરી પાડેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

**વધુમાં અરજદાર નકલ ચાર્જના નાણાં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી નકલ મેળવવા સ્વતંત્ર છે.**

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા.    —૧૦—૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. D/6164, Dt.30/9/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૫/૭/૧૩ ના રોજ (આઈ.ડી.નં.૮૦૮) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા ન હોય, આ અંગેની કોઈ માહિતી પૂરી પાડવાની થતી નથી. જે અંગેની જાણ કરતો પત્ર નં. વીઆઈડી/૧૫૬૯, તા.૨૨/૮/૧૩ થી અરજદારશ્રીને જણાવવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. ડી/૬૧૬૪, તા.૩૦/૯/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતી પૂરી પાડેલ ન હોવાથી અમો અરજદાર નારાજ થવાથી પ્રથમ અપીલ અરજી કરેલ છે, જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૨૦૯૪, તા૧૮/૧૦/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૨૨/૧૦/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ કે, અમો અરજદારની પોલીસ ફરીયાદ પર સરકારી જાહેર માહિતી અધિકારી સામે કાર્યવાહી ચાલુ છે. જે પુરાવા આપશ્રીને પૂરા પાડી શકાય તેમ નથી એમ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૧૮/૧૧/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર, સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૫/૭/૧૩, આઈ.ડી. નં. ૮૦૮ ની અરજી અત્રેના વિભાગને સેકશન ઓફીસરશ્રી (આર.) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ વિગતેની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી દર્શાવતો પત્ર નં. વીઆઈડી/૧૫૬૯, તા.૨૨/૮/૧૩ થી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૫૬૯, તા.૨૨/૮/૧૩ થી અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા ન હોય, આ અંગેની કોઈ માહિતી પૂરી પાડવાની થતી નથી. પત્ર ધ્વારા અરજદારને સમયમર્યાદામાં જણાવવામાં આવેલ છે. અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૫૬૯, તા.૨૨/૮/૧૩ થી અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા ન હોય, આ અંગેની કોઈ માહિતી પૂરી પાડવાની થતી નથી. તે અંગેની જાણ અરજદારને સમયમર્યાદામાં કરવામાં આવેલ છે. અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અત્રેના ખાતાને સ્પર્શતા ન હોય, આ અંગેની કોઈ માહિતી પૂરી પાડવાની થતી નથી. તે અંગેની જાણ અરજદારને સમયમર્યાદામાં કરેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./
તા.   —૧૧—૨૦૧૩

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૨૭૦, તા. ૧૮/૧૦/૧૩
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૯/૮/૧૩ ના રોજ (આઈ.ડી. નં.૧૦૭૬) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે અત્રેના ખાતાના રેકર્ડની ચકાસણી કરતા આ અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી.જે અંગેની જાણ કરતો પત્ર નં.વીઆઈડી/૧૭૬૮, તા.૧૨/૯/૧૩ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં જણાવવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.૨૭૦, તા.૧૮/૧૦/૧૩ થી "જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગે માંગેલ માહિતીમાં એસ.એમ.સીના પગારદાર નોકર અને જવાબદાર અધિકારીઓએ ખુલ્લેઆમ આર.ટી.આઈ એકટ– ૨૦૦૫ નો ભંગ કરેલ છે. અને તે પણ પૂરા ૬૦ દિવસ સુધી જેવાથી નારાજ થઈ અમો અરજદારે પ્રથમ અરજી કરેલ છે. જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૨૧૪૪, તા.૨૩/૧૦/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા આજ દિન સુધી કોઈ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૧૮/૧૧/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૯/૮/૧૩, આઈ.ડી. નં. ૧૦૭૬ ની અરજી અત્રેના વિભાગને ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ વિગતેની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી દર્શાવતો પત્ર નં. વીઆઈડી/૧૭૬૮, તા.૧૨/૯/૧૩ થી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૭૬૮, તા.૧૨/૯/૧૩ થી માંગેલ માહિતી અંગેનો પત્ર અરજદારને સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લઈ નીચે મુજનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગ ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે અત્રેના ખાતાના રેકર્ડ ની ચકાસણી કરતા આ અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તે અંગેની જાણ અરજદારને સમયમર્યાદામાં કરેલ હોય, અપીલ તબકકે વધુ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નં.વી.આઈ.ડી./**
**તા. –૧૧–૨૦૧૩**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. 130, Dt.25/10/13
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ
ફોન નં.૨૪૨૩૭૫૧/૨૧૨

**અરજદાર** – શ્રી નરેશભાઈ એન. બથવાર

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

અરજદારશ્રી એ તા.૧૯/૮/૧૩ ના રોજ (આઈ.ડી. નં.૧૦૭૭) થી અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતીની નકલો માંગેલ. જેનાં અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અત્રેના વીજીલન્સ ખાતાના લાગત મુદ્દા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની પત્રની નકલ નં. વીઆઈડી/૧૮૫૩, તા.૨૧/૯/૧૩ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં. ૧૩૦, તા.૨૫/૧૦/૧૩ થી (૧) ડે.શહેર વિકાસ અધિકારીશ્રી (૨) સેકશન ઓફીસરશ્રી (મહેકમ) (૩) આકારણી અને વસુલાત અધિકારીશ્રી (૪) ઈ.ચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને સંબોધીને માંગેલ માહિતી અસ્પષ્ટ અને અપારદર્શક બોગસ આપેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે, સદર અપીલ અરજી વિજીલન્સ ખાતાને સ્પર્શતી નથી.પંરતુ મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુ.ઈજનેર શહેર વિકાસ ખાતમાંથી અત્રે તબદીલ કરેલ છે.જેના અનુસંધાનમાં અત્રેના પત્ર નં. વી.આઈ.ડી./૨૨૪૩, તા.૬/૧૧/૧૩ થી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.), વીજીલન્સ વિભાગ તથા અરજદારને તેઓના અપીલ સંદર્ભે પૂર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૧૬/૧૧/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે અને જણાવેલ કે, અમો અરજદારને તા.૧૨/૧૧/૧૩ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં સુનાવણી અર્થે તા.૮/૧૧/૧૩ ના પત્ર નં. ૧૩૯ થી બોલાવેલ. જેમાં અમો અરજદાર રૂબરૂ હાજર રહી અમારી માંગેલ માહિતી અનુસાર ટેક્ષ્ટાઈલ માર્કેટોની બાંધકામ અંગેની માહિતીના તમામ ડોકયુમેન્ટસની રજુઆત તા.૧૨/૧૧/૧૩ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં હાજર રહી, લેખિતમાં અમો અરજદારે જણાવેલ ટેક્ષ્ટાઈલ માર્કેટોના ડોકયુમેન્ટસ લેખિતમાં માંગેલ છે.

જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) ધ્વારા તા.૧૮/૧૧/૧૩ ના રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર સુરત તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૯/૮/૧૩, આઈ.ડી. નં. ૧૦૭૭ ની અરજી અત્રેના વિભાગને મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર, શહેર વિકાસ વિભાગ તરફથી તબદીલ કરવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર ધ્વારા અરજીમાં જણાવેલ વિગતેની માહિતીની નકલો માંગેલ, જેના અનુસંધાનમાં અત્રેના વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના લાગત મુદ્દા અંગે

થયેલ કાર્યવાહીની પત્રની નકલ પત્ર નં. વીઆઈડી/૧૮૫૩, તા.૨૧/૯/૧૩ થી અરજદારને સમયમર્યાદામાં મોકલવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા અન્ય જાહેર માહિતી અધિકારીશ્રી ઓના પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને પત્ર નં. વીઆઈડી/૧૮૫૩, તા.૨૧/૯/૧૩ થી અરજીમાં જણાવેલ ખાતાના લાગત મુદ્દા અંગેની માહિતીની નકલ અરજદારને સમયમર્યાદામાં વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા અન્ય જાહેર અધિકારીશ્રીઓના પ્રત્યુત્તરથી નારાજ થઈ કરવામાં આવેલ અપીલ અરજી વિજીલન્સ ખાતાને સ્પર્શતી નથી. પરંતુ અપીલ અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની. ઈજનેર, શહેર વિકાસ ખાતામાંથી અત્રે તબદીલ થયેલ હોવાનું જણાય છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.) વીજીલન્સ વિભાગના લાગત મુદ્દા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ વિના મૂલ્યે પત્ર નં. વીઆઈડી/૧૮૫૩, તા.૨૧/૯/૧૩ થી પૂરી પાડવામાં આવેલ હોય, અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને<br>વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર<br>સુરત મહાનગરપાલિકા

નં.વી.આઈ.ડી./<br>તા.     — ૧ — ૨૦૧૪

| RIGHT TO INFORMATION | સુરત મહાનગર પાલિકા<br>વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ | बहुजनहिताय बहुजनसुखाय |
|---|---|---|

અપીલ અરજી નં.૨૮૩, તા. ૩૦/૧૦/૧૩

**અરજદાર** – શ્રી મેહુલ વી.પટેલ

**સામાવાળા** – જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેર (ટેક.)(વીજીલન્સ વિભાગ)

